## ડાયરેક્ટ ❤ સે

દંભ ને દેખાવનો છે
દૌર મારા દેશમાં
જળ વગરનાં વાદળાં
ઘનઘોર મારા દેશમાં
રાજવીના મુખવટામાં
ચોર મારા દેશમાં
કાગડાઓ થઈ ગયા છે
મોર મારા દેશમાં
- કાયમ હઝારી

## જન્મદિને વધામણી



દીપકભાઈ ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૭૧૨૯ ૮૫૨૯૯



ડો. વિષ્ણુભાઈ પટેલ
ગાયનેકોલોજીસ્ટ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૧૯૮૩૮૧



લીલાવતી ચિત્રસેન શાહ
ફોન : ૨૩૨૬૦૫૮૨
મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧



અશ્વિનકુમાર ગોવિંદલાલ પારેખ
હેર ડ્રેસર,
ન્યુ એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૮૨૪૫ ૩૧૮૧૮



આરોહી એમ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# માણસા આર્ટ્સ-કૉમર્સ કૉલેજ દ્વારા સપ્તધારા સપ્તાહની ઉજવણી કરાઈ

### સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા, રંગકલા કૌશલ્ય ધારા, જ્ઞાનધારા, નાટ્યધારા, ગીત-સંગીત-નૃત્ય ધારા, યોગ, વ્યાયામ, ખેલકૂદ ધારાની પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

કેસીજી નિર્મિત સપ્તધારા અંતર્ગત ઍસ ડી આર્ટ્સ ઍન્ડ બી આર કૉમર્સ કૉલેજ, માણસા દ્વારા સપ્તધારા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. સપ્તધારાનો પ્રારંભ સામુદાયિક સેવાધારા અંતર્ગત વર્ગખંડ સફાઈ અને વર્ગખંડ સુશોભન જેવી પ્રવૃત્તિથી કરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓ સાથે અધ્યાપકો પણ જોડાયા હતા. આ ઉપરાંત અનુક્રમે સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા, રંગકલા કૌશલ્ય ધારા, જ્ઞાનધારા, નાટ્યધારા, ગીત-સંગીત-નૃત્ય ધારા, યોગ, વ્યાયામ, ખેલકૂદ ધારા જેવી સાતેય ધારાઓની પ્રવૃત્તિઓનું આયોજન સંબંધિત ધારાના કન્વીનર -પ્રૉ. રાજેશભાઈ ગાંવિત, ડૉ. એકતાબેન પંવાર, પ્રૉ. મારખીભાઈ લગારીયા, પ્રૉ. ક્રિષ્નાબેન લાલા, ડૉ. બી ઍમ વાઘેલા, પ્રૉ. વિક્રમ જોષી, પ્રૉ. ડી ઍસ ચૌધરી અને પ્રૉ. કમલેશ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ ધારાઓનું સંકલન, માર્ગદર્શન અને સંચાલન સપ્તધારાના કન્વીનર પ્રૉ. જે ઍસ મકવાણા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. હાસ્યદા પંડ્યાએ વિદ્યાર્થીઓ, અધ્યાપકોને સપ્તધારા સપ્તાહની સફળ ઉજવણી બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### યુવાનોને સાત્વિક અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક તરફ વાળવા

# ૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમિયાન અમદાવાદમાં સાત્વિક ફૂડ ફેસ્ટિવલ

યુવાનોને સાત્વિક અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક તરફ વાળવા તેમજ પરંપરાગત અને વિસરાતી વાનગીઓને પરી લોકો સુધી પહોંચાડવા માટે દર વર્ષે સૃષ્ટિ સંસ્થા દ્વારા સાત્વિક ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. આ વખતનો ફૂડ ફેસ્ટિવલ ૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમિયાન યોજાશે. એઈએસ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ ફૂડ ફેસ્ટિવલમાં લગભગ ૭૫ જેટલા સ્ટોલ્સ હશે, જેમાં ગુજરાત ને ભારતના વિવિધ પ્રદેશોની પરંપરાગત વાનગીઓ સાથે ઓર્ગેનિક ખેત પેદાશો, તેમજ અન્ય કેટલાક પરંપરાગત ઉત્પાદનો મેળવી શકાશે. આ ફેસ્ટિવલ પહેલાં પૂર્વ તૈયારીના ભાગરૂપે શનિવારે વિવિધ વાનગીઓની એક ઝલક મેળવવા માટે સ્થાનિક સ્ટોલ ધારકોને સૃષ્ટિ ખાતે આમંત્રણ આપવામાં આવ્યુ હતું. આ પ્રસંગે પ્રોફેસર અનિલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, અમે કોઈ જ કમર્શીયલ બ્રાન્ડ કે ફૂડ ચેઈનને સ્થાન નથી આપતા. પરંપરાગત વાનગીઓ સાથે ગૃહિણીઓ અને ઘેર જ વાનગી બનાવવાની પ્રથાને પણ પ્રોત્સાહન મળે તે જરૂરી છે. પહેલા માત્ર ગૃહિણીઓ ભાગ લેતી. હવે તેમના પતિ કે અન્ય પુરુષો અને વિદ્યાર્થીઓ પણ જોડાઈ રહ્યા છે, તે દર્શાવે છે કે, હવે કોનો આ પ્રકારના ફૂડ ફેસ્ટિવલમાં પણ રસ વધી રહ્યો છે. આ ફૂડ ફેસ્ટિવલમાં કેટલાક વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ પણ ભાગ લઈ રહ્યા છે. જેમકે માઈક્રોબાયોલોજીના ચાર વિદ્યાર્થીઓ પાતાનો સ્ટોલ નાખવા જઈ રહ્યા છે, જેમાં તેઓ સ્પાઈરુલિનામાંથી બનેલી ઈડલી અને ચોકલેટ તેમજ મશરૂમ ટોઠા અને મશરૂમ રોલ જેવી વાનગી પિરસશે. સ્પાયરુલિના એવી દરિયાઈ શેવાળ પ્રકારની વસ્તુ છે, જેમાં ૬૦ થી ૭૦ ટકા પ્રોટીન હોય છે. ૧ કિલો સ્પારુલિના એ ૧૦૦૦ કિલો શાકભાજી બરાબર છે, જેને યુએન દ્વારા બેસ્ટ ફૂડ ફોર ટુમોરોની ઉપમા આપવામાં આવી છે.

આવી જ રીતે નિલેશ અને હેતલ રાણપુરા, તેમજ ભાર્ગવ અને ધારા સહિતના સોફટવેર એન્જિનીયર્સનું ગ્રુપ વેગન માયોનિઝ અને વેગન વસ્તુઓનો ઉપયોગ કરીને વ્રેપ્સ અને ઓટ્સ ચીકી જેવી વાનગીઓ પીરસી રહ્યા છે. તે ઉપરાંત દેશી ગાયના દૂધની બાસુંદી, પાંચ ધાન ખીચડો, બનાના નસોયા મિલ્ક સ્મુધી, ગુલાબ અને નરિયળ તેમજ ખજૂર અને તલના લાડુ, શક્કરીયા રતાળુ ડીપ, કમરકાકડીનું શાક, ગ્રીન ગોટાળો, મીઠા લીમડાની પેસ્ટના ઉપયોગથી બનેલા કેલ્શિમ રોટલા, પંચરત્ન ઘુઘરી સહિતની અનેક વૈવિધ્ય સભર, પૌષ્ટિક અને સાત્વિક વાનગીઓની મજા માણી શકાશે.

# ભાવાતીત ધ્યાન એ જ્ઞાન, ઊર્જા, સક્રિયતા અને કૃપાનો સમુદ્ર છે

ગાંધીનગર, તા. ૧૭

મહર્ષિ મહેશ યોગીએ સમગ્ર વિશ્વમાં પ્રાચીન ભારતીય વારસાનું મહત્ત્વ સમજાવીને ધ્યાનની એક વિશિષ્ટ પદ્ધતિ આપી, જેને ભાવાતીત ધ્યાન કહેવામાં આવે છે. આ ભાવાતીત ધ્યાન શૈલી વ્યક્તિગત સ્તરે મેધાશક્તિ, શાશ્વત આનંદ, ઉત્સાહ અને શાંતિની પ્રાપ્તિ અને ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિ પણ કરાવી શકે છે અને તે વ્યક્તિ-વ્યક્તિ દ્વારા આગળ વધી વિશ્વશાંતિ તરફ પહોંચી શકાય છે. ભાવાતીત ધ્યાન શૈલી અંગે વિશ્વમાં ૬૦૦ જેટલા વૈજ્ઞાનિક સંશોધન વિશ્વની લગભગ ૨૫૦ યુનિવર્સિટી અને રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ્સ ખાતે થઈ ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે મહર્ષિ મહેશ યોગીની તા.૧૨ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ જન્મ શતાબ્દી પણ ઉજવાશે. જ્યારે આ જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તો ગુજરાત સહિત ભારતની અનેક સ્થાનોએ ધ્યાનનાં કાર્યક્રમો પણ થઈ રહ્યાં છે. વિશ્વભરમાં લોકો આ ધ્યાનનાં ઉપયોગથી વ્યક્તિગત સ્તરે સ્ટ્રેસ નિવારણથી માંડીને સામાજિક સ્તરે સૌહાર્દયુક્ત સમાજનિર્માણના કાર્યમાં જોડાઈ શકે છે.

ભાવાતીત ધ્યાન અંગે મહર્ષિ મહેશ યોગીના જ શબ્દો છે કે 'ભાવાતીત ધ્યાન એ વૈદિક ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલી પદ્ધતિ છે. આ ધ્યાન સરળતાથી, સહજતાથી, અન્ય કોઈ બાહ્ય પ્રયત્ન વગર થઈ શકે છે. ભાવાતીત ધ્યાન દ્વારા માનવ મસ્તિષ્ક બુદ્ધિના એવા સ્તરમાં વિચરણ કરવા લાગે છે કે, જે જ્ઞાન, ઊર્જા, સક્રિયતા અને કૃપાનો સમુદ્ર છે' લગભગ ૫૦ વર્ષ પૂર્વે મહર્ષિ મહેશ યોગીએ આ ભાવાતીત ધ્યાનનો પ્રારંભ કરાવ્યો અને વિશ્વભરનાં લાખો લોકોને તેનો અનુભવ પણ કરાવ્યો છે.

# ૧૭ સ્કૂલ્સના વિદ્યાર્થીઓએ ૪૫ હજાર નાગરિકોને વીજળી બચાવવા પ્રેરિત કર્યા

### ગાંધીનગરની સ્કૂલ્સ પણ આ લોકોપયોગી મુહિમમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગ્લોબલ વૉર્મિંગના કારણે દિનપ્રતિદિન વાતાવરણનું સંતુલન બગડી રહ્યું છે ત્યારે પ્રજા તરીકે પર્યાવરણનું સરક્ષણ કરવાની દરેક નાગરીકની નૈતિક જવાબદારી છે. ગયા મહિને દિલ્હી શહેર બાદ અમદાવાદને સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરવામાં આવ્યુ? છે ત્યારે શહેરની ૧૭ શાળાના વિદ્યાર્થીઓએ નાના પ્રયત્ન દ્વારા મોટા પરિવર્તન લાવવા ઝુંબેશ હાથ ધરી છે. 'ધ ગ્રીન પ્રિન્સિપાલ એન્ડ એજ્યુકેશન લિગ' પ્રોજેક્ટ અંતગર્ત ૨૫ નવેમ્બરના રોજ શહેરની ૧૭ શાળાઓમાં પર્યાવરણ જાગૃતિ માટે એક સંયુક્ત મિટિંગ યોજાઈ હતી. જેમાં ૧૧ ડિસેમ્બરે શાળાઓએ એક કલાક વિજળીનો ઉપયોગ બંધ કરવા નિર્ણય કર્યો હતો. આ ઉપરાંત શાળાના બાળકોને પોતાના ઘરે તેમજ પરિચિત ઘરોમાં વિજળી બચાવવાનો સંદેશ ફેલાવવા સમજાવાયું હતું. આ પ્રયત્ન થકી લગભગ ૪૫ હજાર લોકોએ એક કલાક સુધી વિજળીનો વપરાશ બંધ કર્યો હતો તેના કારણે આશરે ૧૪ હજાર યુનિટ વિજળીની બચત કરવામાં આવી હતી.

પ્રોજેક્ટના માર્ગદર્શક રેણુ શાહે વિગત આપતા જણાવ્યું હતું કે, એક નાનકડા વિચારથી શરૂ થયેલી આ લિગમાં હવે ગુજરાત ઉપરાંતના રાજ્યોમાંથી સ્કૂલો જોડાઈ રહી છે. શહેરના મહત્વના સ્થળો જેવા કે પોલીસ સ્ટેશન અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓમાં જઈ અમારી ટીમ વૃક્ષારોપણ કરશે. ચાર રસ્તા ઉપર વાહનોમાંથી મહત્તમ ધુમાડો નિકળતો હોય છે તેના કારણે વાતાવરણમાં કાર્બનડાયોક્સાઈડ ફેલાતો હોય છે તે માટે આ વિસ્તારોમાં મહત્તમ ઓક્સિજન આપતા વૃક્ષો રોપવા માટેનું અમારૂ પ્લાનિંગ છે.

અમદાવાદની દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ, સંતકબીર સ્કૂલ, કોસમોસ કેસલ ઈન્ટરનેશન સ્કૂલ, લોટસ સ્કૂલ, સુપરવિંગ્સ સ્કૂલ, ન્યૂ શમા સ્કૂલ, ઓલિવગ્રીન કિડ્સ સ્કૂલ, ભુજની દુન પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની એસ.જી. સ્કૂલ, એમ.બી.ગર્લ્સ સ્કૂલ, જે.બી. બોયઝ સ્કૂલ, આર.એન. પ્રાઈમરી સ્કૂલ, અલવર-રાજસ્થાનની ચિનાર સ્કૂલ સહિતની સ્કૂલ્સ પર્યાવરણ બચાવવાની મુહિમમાં જોડાઈ હતી.

# ગુજરાતમાં ધારાશાસ્ત્રીઓનાં ૨૫૦ કરતાં વધુ બાર એસો.ની ચૂંટણી ૨૨મી ડિસેમ્બરે યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન ભરત ભગત તથા શિસ્ત કમિટીના ચેરમેન અનિલ કેલ્લાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે,'બાર એસોસિએશન ઓફ ગુજરાતના રૂલ્સ ૨૦૧૫ અનુસાર સૌપ્રથમવાર ગુજરાતમાં ધારાશાસ્ત્રીઓના ૨૫૦ ઉપરાંતના બાર એસો.ની ચૂંટણી એકસાથે ૨૨મી ડિસેમ્બરના રોજ યોજાશે. ૨૨મી નવેમ્બર સુધીમાં તમામ બાર એસોસિએશનોને વન બાર વન વોટ હેઠળની પોતાના મતદાર ધારાશાસ્ત્રીઓની યાદી, ચૂંટણી કમિશનરના નામ, ચૂંટણીનો વિસ્તૃત કાર્યક્રમ બાર એસો. ઓફ ગુજરાતની કચેરીમાં મોકલવાનું ફરજિયાત હતું. તેમ છતાંય જે પણ બાર એસો.એ પોતાના મતદારોની યાદી ચૂંટણી કમિશનરના નામ અને કાર્યક્રમ મોકલી આપ્યો નથી તેવા તમામ બાર એસોસિયેશનોને ૧૫મી ડિસેમ્બરે તેમના બાર એસો.માં સ્પેશિયલ કમિટીની નિમણૂક માટે રૂબરૂ બોલાવવામાં આવ્યા છે.'

વધુમાં જણાવ્યું હતું કે,'બાર એસોસિએશન ઓફ ગુજરાતના નિયમ ૧૫ મુજબ જે બાર એસોસિએશન પોતાની ચૂંટણી નિયત સમયકાળમાં યોજે નહીં તેવા તમામ બાર એસોસિએશનના વહીવટ માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી તે બાર એસોસિયેશનના સિનિયર ધારાશાસ્ત્રીઓની ખાસ સમિતિ બનાવી વહીવટ સુપ્રત કરવામાં આવશે. ૪૫ દિવસમાં આ ખાસ સમિતિએ બાર એસો.ની ચૂંટણી યોજવાની રહેશે અને આ બાર એસો.ની ચૂંટણીમાં કોઈ પણ ધારાશાસ્ત્રી એક કરતા વધારે બાર એસો.માં મતદાન કર્યાનું માલૂમ પડશે તો તેમની સામે એડવોકેટ્સ એક્ટની જોગવાઈઓ મુજબ શિસ્તભંગની કાર્યવાહી થશે. બાર એસો.ની ચૂંટણીમાં ૨૦મી નવેમ્બર સુધીના જે ધારાશાસ્ત્રીઓએ પોતાના એસો.માં વન બાર વન વોટ ના ફોર્મ ભર્યા હશે તેમને ચૂંટણીમાં મત આપવાનો અધિકાર રહેશે.

# ડૉ. યોગેન્દ્ર મોદીની બેસ્ટ પ્રેસિડેન્ટ એવોર્ડ માટે પસંદગી

ગાંધીનગર, તા. ૧૭

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન આઈ.એમ.એ. દ્વારા વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના બેસ્ટ પ્રેસિડેન્ટના એવોર્ડ માટે ગુજરાત સ્ટેટ બ્રાન્ચ આઈ.એમ.એ.ના ડો. યોગેન્દ્ર મોદીની પસંદગી કરાઈ છે. મુંબઈ ખાતે યોજાનાર ઈન્ડિયન મેડિકલ એસોસિએશન(H.Q.)ની ઓલ ઈન્ડિયા નેશનલ કોન્ફરન્સમાં ડો. યોગેન્દ્ર મોદીને આ એવોર્ડ એનાયત કરવામાં આવશે.

# 'અપરાજિતા'નું વિમોચન ૨૩મીએ

ગાંધીનગર, તા. ૧૭

બુકશેલ્ફ,નવજીવન ટ્રસ્ટ અને 'નવગુજરાત સમય'ના સંયુક્ત ઉપક્રમે ડો. રંજના હરીશના પુસ્તક અપરાજિતા(સંપાદક પ્રફુલ્લ છાપિયા)નો લોકાપર્ણ સમારોહ નવલકથાકાર એસ્થર ડેવિડના હસ્તે આગામી તા.૨૩મી ડિસેમ્બરે સાંજે પથી ૭, જિતેન્દ્ર દેસાઈ મેમોરિયલ હોલ,નવજીવન ટ્રસ્ટ પરિસર,આશ્રમરોડ,અમદાવાદ ખાતે યોજાશે. આ પ્રસંગે અજય ઉમટ(તંત્રી-નવગુજરાત સમય) અને વિવેક દેસાઈ (મેનેજિંગ ટ્રસ્ટી-નવજીવન ટ્રસ્ટ) વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

# અમદાવાદીઓએ આરોગ્યું નેચરોપથી ભરપૂર ભોજન

ગાંધીનગર, તા. ૧૭

અમદાવાદીઓમાં નેચરોપથી ભોજન તરફ અમદાવાદીઓનો ઝોક જોવા મળી રહ્યો છે. શનિવારે અમદાવાદમાં ૫૨ વાનગીઓ સાથેની નેચરોપથી ડીશ પીરસવામાં આવી હતી. આજના સમયમાં પ્લાસ્ટિકનો વપરાશ વધ્યો છે ત્યારે પરંપરાગત પતરાળામાં જ આ નેચરોપથી ભોજન પીરસવામાં આવ્યું હતું.

છેલ્લા પાંચ વર્ષથી નેચરોપથી ભોજન કરાવતા, નેચરોપથી અને યોગ કન્સલ્ટન્ટ હેતલબેન દેસાઈએ જણાવ્યું કે આજે લગભગ ૫૨ વાનગીઓ સાથેનું આ નેચરોપથી ભોજન તૈયાર થયું હતું. જે એક સંપૂર્ણ ડીશ કે જેમાં 'સુપ ટુ ડેઝર્ટ'નો સમાવેશ થાય છે. ભોજનનાં પ્રારંભે દેશી ગાયનું શુદ્ધ ઘી થોડી માત્રામાં આપવામાં આવે છે, જેનાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થઈ શકે. ત્યારબાદ જે રીતે વિધિવત્ સૂપ આપવામાં આવતું હોય છે, તે મુજબ આ નેચરપથી ડીશમાં અનેક પ્રકારના સુપ અને રસ આપવામાં આવે છે. જે અંતર્ગત આમળાનો રસ, ગ્રીન જ્યૂસ, તુલસી સુધા અને છેલ્લે છાશનો પણ સમાવેશ થાય છે. આ જે વાનગીઓ પીરસવામાં આવી હતી, જેમાં ફણગાવેલા કઠોળ-મગ, દાડમ, ચીકૂ, પપૈયા, સક્કર ટેટી વગેરેનો સમાવેશ થાય છે. ડેઝર્ટ તરીકે ખજૂર, દેશી ગોળનો સમાવેશ થાય છે. નેચરલ ભોજનની પૂર્ણાહુતિ મુખવાસ સાથે થાય છે. જેમાં લીલી વરિયાળી, અળસીનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું કે વર્તમાન સમયમાં ઝડપી જીવનશૈલીમાં લોકોને જંક ફૂડ અને ફાસ્ટ ફૂડને કારણે અનેક રોગનો પણ ભોગ બનવું પડતું હોય છે ત્યારે આ નેચરોપથી ભોજન આરોગ્યને પણ મજબૂત રાખે છે અને વ્યક્તિને સ્વસ્થ રાખે છે.

# અમદાવાદ મ્યુનિ. દ્વારા ૩૦મી ડિસેમ્બરથી ૯ જાન્યુ. સુધી ફ્લાવર શો



ગાંધીનગર, તા. ૧૭

અમદાવાદીઓ જ નહિ અન્ય શહેરોનાં ગાર્ડન અને ફલાવર લવર્સ પણ જેની આતુરતાથી રાહ જોતાં હોય છે તેવા રિવરફ્રન્ટ ઉપર યોજાતાં ફલાવર શોમાં આ વખતે વર્લ્ડ હેરિટેજ સિટીની થીમ ઉપર સમગ્ર સજાવટ કરવામાં આવશે.

સાબરમતી રિવરફ્રન્ટનું આકર્ષણ વધારવા માટે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દેશ-વિદેશમાં યોજાતાં ફલાવર શો જેવો ફલાવર શો યોજવા મ્યુનિ. સત્તાધીશોને સૂચન કર્યુ હતું. તેનાં પગલે દર વર્ષે જાન્યુઆરીનાં પ્રથમ સપ્તાહથી રિવરફ્રન્ટમાં ફલાવર શોનું આયોજન કરવામાં આવે છે. જેને તમામ વર્ગનાં નાગરિકોમાંથી જોરદાર પ્રતિસાદ મળતાં સૌપ્રથમ ફલાવર શો પાંચેક દિવસ માટે પછી સાત દિવસ માટે અને પછી ૯ દિવસ માટે યોજવો પડયો હતો.

પરંતુ આ વર્ષે વધુને વધુ શહેરીજનો તેમજ અન્ય શહેરોનાં નાગરિકો પણ ફલાવર શોનો લાભ લઈ શકે તે માટે ૩૦મી ડિસેમ્બરથી ૯મી જાન્યુઆરી સુધી એમ ૧૧ દિવસ સુધી ફલાવર શોનું આયોજન કરવામાં આવશે. ફલાવર શોને મળતાં જબ્બર પ્રતિસાદને જોઈ દેશનાં અન્ય રાજયોનાં વેપારીઓ પણ ફલાવર શોમાં તેમનાં ઉત્પાદનો વેચવા માટે રસ દાખવી રહયા છે અને કયારથી ફલાવર શો યોજાશે તેની પૃચ્છા કરતાં હોય છે.

રિવરફ્રન્ટનાં ઈવેન્ટ ગાર્ડન અને ફલાવર પાર્કમાં યોજાનારા ફલાવર શોમાં વિદેશમાં ફુલોનો ગાર્ડન કે બેડ જોવા મળે છે તેવો ફલાવર બેડ નિર્માણ કરવામાં આવશે. તેમજ અમદાવાદને મળેલાં વર્લ્ડ હેરિટેજ સિટીનાં બિરૂદની ઉજવણી કરવા માટે અમદાવાદનાં ઐતિહાસિક સ્થળોનાં સ્કલ્પચર બનાવવામાં આવશે. પીટુનીયા નામનાં ફુલછોડની મદદથી વર્ટીકલ પ્લાન્ટેશન પણ નાગરિકોને નિહાળવા ગમશે અને તેઓ તેમનાં ઘરે કે ઓફિસે તેવા પ્લાન્ટેશન ઈચ્છશે. ગત વર્ષે ૯ દિવસ દરમિયાન ૨૦ લાખ લોકો ફલાવર શો નિહાળવા તથા ફૂલછોડ, કુંડા, બિયારણ, ખાતર સહિત ગાર્ડનીંગને લગતાં સાધનસામગ્રીની ખરીદી કરવા માટે ઉમટી પડયાં હતા. ત્યારપછી પણ લોકોએ ફલાવર શોના દિવસો ઓછા પડતા હોવાની રજૂઆત કરી છે તેથી આ વર્ષે ૧૧ દિવસ સુધી ફલાવર શો યોજાશે અને તેમાં ૩૦ લાખ જેટલાં લોકો ઉમટી પડવાની ધારણા છે. ગત વર્ષે ફલાવર શોનાં આયોજન પાછળ સવા કરોડ ખર્ચ થયો હતો તેની સામે મ્યુનિ.ને સ્પોન્સરશીપ અને ભાડા સહિત ૮૫ લાખ જેટલી આવક થઈ ગઈ હતી.

# મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સ્થાને નવા મેડિકલ કમીશનની રચના કરાશે

ગાંધીનગર, તા. ૧૭

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં હાલમાં એમબીબીએ-એમ.ડી.-એમ.એસ, સહિતના કોર્સની મંજુરી માટે ઈન્સ્પેક્શન માટે એક જ ટીન નક્કી હોય છે. કાઉન્સિલના નિશ્ચિત સભ્યોમાંથી જ ઈન્સ્પેક્શન કરવામાં આવે છે. હવે નવા કમીશનમાં એમબીબીએસ, એમ.ડી.-એમ.એસ. સહિતના દરેક કોર્સ માટે અલગ અલગ ટીમો દ્વારા ઈન્સ્પેક્શન કરવામાં આવશે. આ ઉપરાંત બેઠકોના વધારે માટે પણ અલગ ટીમ નિર્ણય કરશે. હાલની કાઉન્સિલમાં પાંચ પ્રકારની કાર્યવાહી એક જ ટીમ દ્વારા કરવામાં આવતી હતી. પરંતુ હવે પાંચ પ્રકારના કામો માટે પાંચ પ્રકારની ટીમ રહેશે. ટૂંકમાં અત્યાર સુધીમાં ચાલતી કાઉન્સિલના સભ્યોની મોનોપોલી બંધ થાય તેવી વ્યવસ્થા નવા બીલમાં કરવામાં આવી છે.

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ)ના સ્થાને નવા મેડિકલ કમીશનની રચના કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આ નવી વ્યવસ્થાના કારણે દેશમાં ઈન્સ્પેક્શન રાજનો અંત આવશે તેવુ નિષ્ણાતો માની રહ્યા છે. આ ઉપરાંત નવી મેડિકલ કોલેજોની સંખ્યામાં પણ મોટાપાયે વધારો થશે. આમ, નવી મેડિકલ કોલેજોના પ્રારંભમાં આવતી અડચણો દૂર થવાથી આગામી દિવસોમાં કાઉન્સિલની સરખામણીમાં મેડિકલ કમીશન વધુ સારુ સાબીત થશે તેવુ મેડિકલ કોલેજ સાથે જોડાયેલા પ્રોફેસરો માની રહ્યા છે.

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની રચનામાં હાલમાં ગુજરાતમાંથી દરેક યુનિવર્સિટીમાંથી એક-એક પ્રતિનિધિને કાઉન્સિલમાં મોકલવામાં આવે છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા એક સભ્યને કાઉન્સિલમાં મોકલવામાં આવે છે. સ્ટેટ મેડિકલ કાઉન્સિલ દ્વારા પણ એક સભ્યની નિમણૂક કરીને મોકલવામાં આવતી હોય છે.

આમ, પાંચ સભ્યો ઈલેકટેડ અને બાકીના સભ્યોની નિમણૂક કરવામાં આવતી હતી. હવે એમસીઆઈના સ્થાને મેડિકલ કમીશન લાવવાની તૈયારી પુરી કરી દેવામાં આવી છે. આ અંગેની સત્તાવાર જાહેરાત પણ કરી દેવામાં આવી છે. જેના કારણે કમીશનના કારણે કેવા પ્રકારના ફેરફારો આવશે તેની ચર્ચાઓ પણ શરૂ થઈ ચુકી છે. સૂત્રો કહે છે કાઉન્સિલ કરતાં કમીશન માત્ર ગુજરાત નહી પરંતુ તમામ રાજયો માટે સારુ રહેશે. આ અંગેના કારણો આપતાં પ્રોફેસરો કહે છે કે કાઉન્સિલ દ્વારા નવી કોલેજની મંજુરી આપવામાં રીતસરની મોનોપોલી ચાલતી હતી. કાઉન્સિલના સભ્યો પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવા માટે નવી કોલેજોની મંજુરી આપવામાં જાત જાતના અખાડા કરતાં હતા. પરંતુ કમીશનના કારણે હવે રાજયમાં નવી કોલેજોની સંખ્યામાં પણ વધારો થશે.

એટલુ જ નહી કાઉન્સિલના ઈન્સ્પેક્શનમાં આવતાં પ્રોફેસરોની દાદાગીરી અને જોહુકમીનો પણ અંત આવશે. નવી કમીશનમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, હાલમાં નવી કોલેજોનું વારંવાર ઈન્સ્પેક્શન કરવામાં આવે છે તેના બદલે એક જ વખત ઈન્સ્પેક્શન કરાશે.

જો કોઈ કોલેજને બેઠકોનો વધારો જોઈએ તો તેના માટે નવેસરથી ઈન્સ્પેક્શન નહી થાય પરંતુ પહેલા જે તે કોલેજને બેઠકનો વધારો આપી દેવાશે. ત્યારબાદ પાંચ વર્ષ પછી ઈન્સ્પેક્શન કરવામાં આવશે. આ ઉપરાંત હાલની કાઉન્સિલમાં એક જ બોડી દ્વારા દરેક કોર્સ માટે ઈન્સ્પેક્શન અને મંજુરીની ભલામણ કરવામાં આવે છે.

પરંતુ હવે પછી દરેક કોર્સ માટે અલગ અલગ બોડી અસ્તિત્વમાં આવશે. સભ્યસંખ્યાની દ્રષ્ટિએ નવા બીલમાં ગુજરાત સહીત તમામ રાજયોના સભ્યોની સંખ્યા વધે તો પણ કાઉન્સિલની જોહુકમીનો અંત આવશે તેવુ સભ્યો માની રહ્યા છે.